

# કોમર્શિયલ LPG પુરવઠા અંગેના નિયંત્રણો ઉઠાવી લેવાયા

**હોટલ**, રેસ્ટોરન્ટ અને અન્ય વ્યવસાયો જેવા વ્યાપારી ગ્રાહકો માટે રાંધણગેસનો પુરવઠો કટોકટી પહેલાના સ્તરે બહાલ

નવી દિલ્હી, તા. ૨૫(પીટીઆઈ): સરકારે ગુરુવારે હોટલ, રેસ્ટોરન્ટ અને અન્ય વ્યવસાયો જેવા વ્યાપારી ગ્રાહકો માટે લિક્વિફાઇડ પેટ્રોલિયમ ગેસ (LPG)નો પુરવઠો કટોકટી પૂર્વેના સ્તરે પુનઃસ્થાપિત કર્યો છે, અને તાજેતરના પશ્ચિમ એશિયા સંઘર્ષ દરમિયાન લાદવામાં આવેલા ક્ષેત્ર-વિશિષ્ટ નિયંત્રણો હટાવી લીધા છે. વૈશ્વિક બજારો સ્થિર થતાં ઊર્જા પુરવઠા અંગેની ચિંતાઓ ઓછી થઈ રહી હોવાનો આ સંકેત છે.

પેટ્રોલિયમ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, સ્થાનિક ઉત્પાદનમાં સુધારો અને આયાતી એલપીજી કાર્ગોના અપેક્ષિત આગમનને પગલે વ્યાપારી એલપીજી પુરવઠા પરના નિયંત્રણો હટાવી લેવામાં આવ્યા છે. જથ્થાબંધ એલપીજીનો પુરવઠો, જે કટોકટીની શરૂઆતમાં સ્થગિત કરવામાં આવ્યો હતો, તે પણ કટોકટી પૂર્વેના વપરાશના ૫૦ ટકા સ્તરે આંશિક રીતે પુનઃ શરૂ કરવામાં આવ્યો છે. આ પગલું સંઘર્ષ દરમિયાન સરકાર દ્વારા દાખલ કરાયેલા કટોકટીના પગલાંને પાછા ખેંચવાનું તાજેતરનું પગલું દર્શાવે છે, જ્યારે પશ્ચિમ એશિયામાં પુરવઠામાં વિક્ષેપના ડરને કારણે સત્તાવાળાઓને ઘરગથ્થુ રાંધણ ગેસની ઉપલબ્ધતાને પ્રાધાન્ય આપવાની ફરજ પડી હતી.

ઈરાન સંઘર્ષને કારણે પશ્ચિમ એશિયામાંથી એલપીજી પુરવઠા ખોરવાઈ ગયા પછી આ નિયંત્રણો લાદવામાં આવ્યા હતા, જે ભારતની રાંધણ ગેસ આયાતમાં આશરે ૯૦ ટકા હિસ્સો ધરાવે છે. ઘરગથ્થુ વપરાશને સુરક્ષિત રાખવા માટે, સરકારે શરૂઆતમાં હોટલ, રેસ્ટોરન્ટ અને ઔદ્યોગિક વપરાશકર્તાઓને વ્યાપારી એલપીજીનો પુરવઠો અટકાવી દીધો હતો અને ઉપલબ્ધ જથ્થાને સ્થાનિક ગ્રાહકો તરફ વાળી દીધો હતો. ત્યારબાદ પુરવઠો તબક્કાવાર રીતે સામાન્ય સ્તરના આશરે ૭૦ ટકા સુધી પુનઃસ્થાપિત કરવામાં આવ્યો હતો, જો કે સત્તાવાળાઓ આયાતની ઉપલબ્ધતા અંગેની ચિંતાઓ વચ્ચે ઈંધણના સ્ટોકને બચાવવા માંગતા હોવાથી કેટલાક ક્ષેત્રો તેમની સામાન્ય ફાળવણીના ૫૦ ટકા સુધીના નિયંત્રણોનો સામનો કરી રહ્યા હતા.

# મોહર્રમના જુલૂસમાં ક્રેનથી લટકાવેલી વેનમાં વિસ્ફોટ

**ઉજ્જૈનના** બડનગરમાં ક્રેન પર વેન લટકાવી અને વિસ્ફોટથી ઉડાવી દીધી, લખ્યું- 'લે ફિર આ ગયે'

**સોશિયલ** મીડિયા પર વીડિયો વાયરલ થતાં વિવાદ

ઉજ્જૈન, તા. 25 : ઉજ્જૈન નજીક બડનગરમાં મોહર્રમના જુલૂસ દરમિયાન એક વેન (ટાટા મેજિક) માં કરવામાં આવેલા વિસ્ફોટનો વીડિયો સામે આવ્યો છે. ઘટના 23 જૂનની રાતની હોવાનું કહેવાય છે. બડનગરના અડાન મહોલ્લામાંથી નીકળેલા જુલૂસમાં મોટી સંખ્યામાં લોકો સામેલ હતા. જુલૂસમાં એક વેનને ક્રેનની મદદથી આશરે 40 ફૂટની ઊંચાઈ પર લટકાવવામાં આવી હતી. વેન પર બે યુવકો ઊભા રહીને લાલ ઝંડા લહેરાવતા રહ્યા. ત્યાર બાદ વેનમાં વિસ્ફોટ કરીને તેને ઉડાવી દેવામાં આવી. જે વેનમાં બ્લાસ્ટ કરવામાં આવ્યો, તેના પર 'લે ફિર આ ગયે' લખેલું હતું. એક ઈન્સ્ટાગ્રામ આઈડી 'પરવેઝ એડિટ્સ^2.0' પર આ ઘટનાના વીડિયો શેર કરવામાં આવ્યા હતા. વીડિયોમાં કારમાં વિસ્ફોટ સિવાય યુવકોના અલગ-અલગ પ્રદર્શનો પણ જોવા મળી રહ્યા છે.

કેટલાક વીડિયોમાં અલગ-અલગ પ્રકારના વિસ્ફોટ નજરે પડે છે. વળી, હુસૈની અખાડા શાહજલાલપુરાના કાર્યક્રમમાં પણ એક યુવકને લટકાવીને કેટલાય પ્રકારના પ્રદર્શન કરવામાં આવ્યા હતા. વીડિયો વાયરલ થયા બાદ હરિદ્વારના સંત સ્વામી શિવાનંદ ગિરિએ આની સામે આપત્તિ દર્શાવી હતી. સ્વામી શિવાનંદે સોશિયલ મીડિયા પર લખ્યું કે, એવું લાગે છે જાણે સંદેશ આપવામાં આવી રહ્યો હોય કે "અમે કાફિરોની ગાડીઓને આ જ રીતે ઉડાવી દઈશું."

# પાસપોર્ટ ફીમાં વધારો: નવો રૂ. ૨૫૦૦ અને તત્કાલમાં રૂ. ૫૦૦૦માં મળશે

**પાસપોર્ટ** સંબંધિત પ્રમાણપત્રોની ફીમાં પણ વધારો કરાયો

**નવા** દરો પહેલી જુલાઇથી અમલી બનશે, ૨૦૧૨ પછી પ્રથમ વખત વધારો કરાયો




નવી દિલ્હી, તા. ૨૫: સરકારે લગભગ 14 વર્ષમાં પ્રથમ વખત પાસપોર્ટ ફીમાં વધારો કર્યો છે, જેમાં 1 જુલાઈથી અમલમાં આવે તે રીતે સામાન્ય સ્કીમ હેઠળ નવા પાસપોર્ટની કિંમત વધારીને 2,500 અને તત્કાલ સ્કીમ હેઠળ 5,000 કરવામાં આવી છે.

નવા દરો હેઠળ, 18 વર્ષ અને તેથી વધુ વયના અરજદારો માટે નવો 36 પાનાનો પાસપોર્ટ અથવા તેને ફરીથી ઈશ્યૂ કરાવવા માટે સામાન્ય સ્કીમ હેઠળ 2,500 નો ખર્ચ થશે, જે અત્યારે 1,500 છે, જ્યારે તત્કાલ ફી 3,500 થી વધારીને 5,000 કરવામાં આવી છે. તેવી જ રીતે, 60 પાનાના પાસપોર્ટ માટેની ફી સામાન્ય શ્રેણી હેઠળ 2,000 થી વધારીને 3,500 અને તત્કાલ હેઠળ 4,000 થી વધારીને 6,000 કરવામાં આવી છે. ખોવાયેલા અથવા ક્ષતિગ્રસ્ત પાસપોર્ટ બદલવા માંગતા અરજદારોએ પણ નોંધપાત્ર રીતે વધુ ચૂકવણી કરવી પડશે. બદલામાં મળતો 36 પાનાનો પાસપોર્ટ હવે સામાન્ય સ્કીમ હેઠળ 5,000 અને તત્કાલ હેઠળ 7,500 નો થશે, જ્યારે 60 પાનાનો રિપ્લેસમેન્ટ પાસપોર્ટ અનુક્રમે 6,000 અને 8,500 નો થશે. 18 વર્ષથી ઓછી ઉંમરના અરજદારો માટે, નવો અથવા ફરીથી ઈશ્યૂ કરાયેલ 36 પાનાનો પાસપોર્ટ સામાન્ય સ્કીમ હેઠળ 1,750 અને તત્કાલ હેઠળ 4,250 માં મળશે. સગીરો માટે ખોવાયેલા અથવા ક્ષતિગ્રસ્ત પાસપોર્ટને બદલવાની ફી સામાન્ય શ્રેણી હેઠળ 4,250 અને તત્કાલ હેઠળ 6,750 નક્કી કરવામાં આવી છે. પાસપોર્ટ નિયમ, ૧૯૮૦માં સુધારો કરીને આ દરો બદલવામાં આવ્યા છે. ૨૦ જૂનની તારીખવાળું જાહેરનામુ આજે બહાર પાડવામાં આવ્યું છે. સુધારેલું ફી માળખું 1 જુલાઈ અથવા ત્યાર પછી સબમિટ કરવામાં આવેલી તમામ પાસપોર્ટ અરજીઓ પર લાગુ થશે. કેટલાક અન્ય મુસાફરી દસ્તાવેજો અને પાસપોર્ટ સંબંધિત સેવાઓના શુલ્કમાં પણ સુધારો કરવામાં આવ્યો છે. જ્યારે ઈમરજન્સી સર્ટિફિકેટ ભારતમાં મફત આપવામાં આવવાનું ચાલુ રહેશે, પરંતુ વિદેશમાં અરજદારો પાસેથી 15 USD ચાર્જ લેવામાં આવશે. ઓળખનું પ્રમાણપત્ર ભારતમાં 1,000 અને વિદેશમાં 50 USD નું થશે. પોલીસ ક્લિયરન્સ સર્ટિફિકેટ , સરેન્ડર સર્ટિફિકેટ અને અન્ય પાસપોર્ટ સંબંધિત પ્રમાણપત્રોની ફી ભારતમાં 750 અને વિદેશમાં 40 USD નક્કી કરવામાં આવી છે. નોટિફિકેશન અનુસાર, આ શ્રેણી હેઠળ અરજી કરનારા અરજદારો ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના વ્યક્તિઓ / ૧૫ થી ૧૮ વર્ષની વચ્ચેની ઉંમરના સગીરો(જો આ કેટેગરી હેઠળ અરજી કરી હોય તો)ને ઈસ્યુ કરવામાં આવતા પાસપોર્ટની માન્યતા ૧૦ વર્ષથી વધુ રહેશે નહીં. વિદેશ મંત્રાલય (MEA) ના જોઈન્ટ સેક્રેટરી અને ચીફ પાસપોર્ટ ઓફિસર બી. એસ. મુબારકના નામે બહાર પાડવામાં આવેલા આ નોટિફિકેશનમાં જણાવાયું છે કે, આઠ વર્ષ સુધીની ઉંમરના સગીરો અને વરિષ્ઠ નાગરિકો (૬૦ વર્ષથી વધુ ઉંમરના વ્યક્તિઓ) માટે નવી અરજીઓ (રી-ઈસ્યુ માટે નહીં) પર પાસપોર્ટ ફીમાં ૧૦ ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

# મોદી ૨૭-૨૯ જૂન દરમિયાન સેશેલ્સની મુલાકાત લેશે

નવી દિલ્હી, તા. ૨૫ (પીટીઆઈ) વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૨૭-૨૯ જૂન દરમિયાન સેશેલ્સની સત્તાવાર મુલાકાત લેશે, જે દરમિયાન તેઓ દ્વિપક્ષીય સહયોગનાં તમામ પાસાંઓની સમીક્ષા કરવા માટે રાષ્ટ્રપતિ પેટ્રિક હર્મિની સાથે વાટાઘાટો કરશે અને સેશેલ્સના રાષ્ટ્રીય દિવસની સુવર્ણ જયંતી ઉજવણીમાં પણ હાજરી આપશે. એમ વિદેશ મંત્રાલયે ગુરુવારે જાહેર કર્યું હતું. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, ભારતીય સશસ્ત્ર દળોની એક ટુકડી, ભારતીય નૌકાદળના બે જહાજો સાથે આ ઉજવણીમાં ભાગ લેશે. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, સેશેલ્સના રાષ્ટ્રપતિ પેટ્રિક હર્મિનીના આમંત્રણ પર વડા પ્રધાન 'મુખ્ય અતિથિ' તરીકે સેશેલ્સના રાષ્ટ્રીય દિવસની સુવર્ણ જયંતી ઉજવણીમાં હાજરી આપવા માટે ૨૭-૨૯ જૂન દરમિયાન સેશેલ્સની સત્તાવાર મુલાકાત લેશે." નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, "આ મુલાકાત ભારત અને સેશેલ્સ વચ્ચેની મજબૂત અને કાયમી મિત્રતાને પુનઃપુષ્ટ કરશે અને તમામ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સંબંધોને વધારવા માટે બંને દેશોની સહિયારી પ્રતિબદ્ધતાને મજબૂત કરશે." મોદીએ છેલ્લે ૨૦૧૫માં સેશેલ્સની મુલાકાત લીધી હતી. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, "મુલાકાત દરમિયાન વડા પ્રધાન દ્વિપક્ષીય સહયોગનાં તમામ પાસાંઓની સમીક્ષા કરવા અને પરસ્પર હિતના પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર વિચારોનું આદાન-પ્રદાન કરવા માટે રાષ્ટ્રપતિ હર્મિની સાથે વાટાઘાટો કરશે." મોદી સેશેલ્સની નેશનલ એસેમ્બલી (સંસદ)ને પણ સંબોધિત કરશે અને પ્રવાસી ભારતીય સમુદાયના સભ્યો સાથે વાતચીત કરશે.

# NCERTએ ધોરણના ૯ના પુસ્તકમાં 'કટોકટી'નું પ્રકરણ રજૂ કર્યું

**અગાઉ** યુપીએ સરકારે ધોરણ-૧૨ના એક પુસ્તકમાં આ પ્રકરણ મુક્યું હતું, ધોરણ-૯ના નાના બાળકો માટે આ પ્રકરણ મૂકવાનો પ્રથમ બનાવ

**સમાજ** વિજ્ઞાનના આ પુસ્તકમાં મૂકાયેલા પ્રકરણમાં ઇન્દિરા ગાંધીના આ પગલાને લોકશાહી સામેનો મોટો પડકાર ગણાવાયો

**શિક્ષણ** મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને NCERTના આ પગલાના વખાણ કર્યા

નવી દિલ્હી, તા. ૨૫(PTI): NCERT દ્વારા ધોરણ 9 ના સામાજિક વિજ્ઞાનના પાઠ્યપુસ્તકમાં કટોકટી પર એક વિભાગનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેને ભારતમાં 'લોકશાહી માટેના મુખ્ય પડકારોમાંનો એક' ગણાવવામાં આવ્યો છે. શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને આ પગલાને આવકારતા કહ્યું છે કે આવનારી પેઢીઓએ આ 'કાળા કરતૂતો' વિશે જાણવું જોઈએ.

યુપીએ શાસન દરમિયાન ૨૦૦૭માં આ વિષયને ધોરણ ૧૨ ના શાળાના અભ્યાસક્રમનો ભાગ બનાવવામાં આવ્યો હતો, પરંતુ ધોરણ ૯ ના પાઠ્યપુસ્તકોમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો હોય તેવું આ પ્રથમ વખત બન્યું છે. નવા વિકસાવવામાં આવેલા સામાજિક વિજ્ઞાનના પાઠ્યપુસ્તક 'અંડરસ્ટેન્ડિંગ સોસાયટીઃ ઈન્ડિયા એન્ડ બિયોન્ડ'ના આ ફકરામાં જણાવાયું છે કે, ''ભારતમાં લોકશાહી માટેના મુખ્ય પડકારોમાંનો એક ત્યારે નોંધાયો હતો જ્યારે ૧૯૭૫-૭૭ માં કટોકટી લાદવામાં આવી હતી. ૧૯૭૦ ના દાયકાની શરૂઆતમાં, ઈન્દિરા ગાંધીના નેતૃત્વવાળી સરકાર સામે જનતામાં અસંતોષ વધી રહ્યો હતો. વધતી જતી બેરોજગારી, મોંઘવારી અને ગેરવહીવટના આરોપોને કારણે વ્યાપક વિરોધ પ્રદર્શનો થયા હતા.'' આ વિભાગ વધુમાં જણાવે છે કે, ''જૂન ૧૯૭૫ માં, આંતરિક અશાંતિના આધારે સરકાર દ્વારા રાષ્ટ્રીય કટોકટી લાદવામાં આવી હતી.

આ સમયગાળા દરમિયાન, મોટાભાગના મૂળભૂત અધિકારો સ્થગિત કરવામાં આવ્યા હતા, પ્રેસ પર સેન્સરશિપ લાદવામાં આવી હતી અને અસંખ્ય રાજકીય નેતાઓ અને કાર્યકરોની ધરપકડ કરવામાં આવી હતી. લોકતાંત્રિક સંસ્થાઓ ભારે દબાણ હેઠળ આવી ગઈ હતી અને નાગરિકોની સ્વતંત્રતા પર નિયંત્રણો લાદવામાં આવ્યા હતા.'' રાજકીય અશાંતિ અને ઈન્દિરા ગાંધીની ચૂંટણીને અમાન્ય જાહેર કરતા કોર્ટના ચુકાદા બાદ, ૫૧ વર્ષ પહેલાં ૨૫ જૂન, ૧૯૭૫ ના રોજ કટોકટી લાદવામાં આવી હતી.

## એપલના મેકબુક અને આઈપેડની કિંમતોમાં ૨૦ થી ૪૨% સુધીનો તોતિંગ વધારો

**સેમિકન્ડક્ટર** અને મેમરી ચિપ્સ મોંઘી થતાં કંપનીએ લીધો નિર્ણય; AI ડેટા સેન્ટર્સની વધતી માંગને કારણે સર્જાઈ અછત

ગ્લોબલ ટેક જાયન્ટ એપલે (Apple) ભારત સહિત વૈશ્વિક સ્તરે પોતાના મેકબુક (MacBook) અને આઈપેડ (iPad) મોડલ્સની કિંમતોમાં ૨૦% થી ૪૨% સુધીનો ભારે વધારો ઝીંક્યો છે. કંપનીના જણાવ્યા અનુસાર, ગ્રાહક ઈલેક્ટ્રોનિક્સ ઉદ્યોગ હાલમાં અભૂતપૂર્વ પડકારનો સામનો કરી રહ્યો છે, કારણ કે AI ડેટા સેન્ટર્સના ઝડપી વિસ્તરણને લીધે મેમરી ચિપ્સ અને સ્ટોરેજની માંગ અને ખર્ચમાં ભારે ઉછાળો આવ્યો છે. નવી કિંમતો મુજબ, M5 પ્રો ચિપ ધરાવતા ૧૪-ઈંચના મેકબુક પ્રોની કિંમત ૨,૪૯,૯૦૦ થી વધીને ૨,૯૯,૯૦૦ થઈ ગઈ છે. જ્યારે ૧૩-ઈંચના આઈપેડ એર (iPad Air) ના બેઝિક મોડલમાં સૌથી વધુ ૪૧.૨૨% નો વધારો થતાં હવે તેની કિંમત ૮૪,૯૦૦ થી વધીને ૧,૧૯,૯૦૦ થઈ ગઈ છે. નિષ્ણાતોના મતે, એપલે છેલ્લા બે ક્વાર્ટરથી કિંમતો રોકી રાખી હતી, પરંતુ હવે ખર્ચ અસહ્ય બનતા આ બોજ ગ્રાહકો પર નાખવો પડ્યો છે. આગામી તહેવારોની સીઝનમાં આનાથી એપલના ઉત્પાદનોની માંગ પર અસર પડી શકે છે.

# ઈરાનની ધમકી છતાં જહાજો હોર્મુઝમાંથી નવા માર્ગોથી પસાર થયા

**એક** જહાજ પર મિસાઇલથી હુમલો થયો હોવાના અહેવાલ

દુબઈ, 25 જૂન (AP): સંયુક્ત રાષ્ટ્રની દરિયાઈ સંસ્થા દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવેલા એક નવા રૂટનો ઉપયોગ કરીને ગુરુવારે કેટલાક ટેન્કરો હોર્મુઝની સામુદ્રધૂનિમાંથી બહાર નીકળ્યા હતા. ઈરાને ઓમાનના દરિયાકિનારે આવેલા આ નવા માર્ગનો ઉપયોગ કરનારા જહાજોને ધમકી આપી છે. આ મહત્વપૂર્ણ જળમાર્ગ દ્વારા વૈકલ્પિક માર્ગ ખુલવાથી વૈશ્વિક અર્થતંત્ર પરનું દબાણ હળવું થશે અને અમેરિકા સાથે ચાલી રહેલી શાંતિ વાર્તામાં ઈરાનનું જે મુખ્ય દબાણ લાવવા માટેનું સાધન હતું તે દૂર થશે. અમેરિકાના સહયોગી દેશોને આશ્વાસન આપવા માટે ખાડી દેશોની મુલાકાતે આવેલા યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ જણાવ્યું હતું કે વોશિંગ્ટન આ નવા રૂટ માટે પ્રતિબદ્ધ છે. સામુદ્રધુનીમાંથી ટ્રાફિક વધ્યો છે પરંતુ તે હજી પણ યુદ્ધ પહેલાના સ્તર કરતાં ઘણો ઓછો છે. દરમ્યાન, બ્રિટિશ સૈન્યએ જણાવ્યું હતું કે, સંયુક્ત રાષ્ટ્રો(UN) દ્વારા મંજૂર કરાયેલા રૂટ પર હોર્મુઝની સામુદ્રધૂનિમાંથી પસાર થઈ રહેલા એક માલવાહક જહાજ પર ગુરુવારે એક પ્રક્ષેપાસ્ત્ર દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો.


KALAMANDIR
કલામંદિર નો સ્માર્ટ ભાવ
22KT દાગીનાનો ભાવ ₹13,009 પ્રતિ ગ્રામ
+ 7% ની ઘડામણ ₹911 પ્રતિ ગ્રામ
આજનો સ્માર્ટ ભાવ મજૂરી સહીત ₹13,920 પ્રતિ ગ્રામ +GST
ફક્ત 7%
પોલકી | એન્ટિક | પ્લેન
MUMBAI | AHMEDABAD | SURAT | VAPI | BHARUCH | KOSAMBA
CONTACT NO. +91 95109 70230 | 80000 36001


## ક્રૂડ ઓઇલના ભાવો યુદ્ધ પહેલાના સ્તરે પહોંચ્યા

# ક્રુડ હેઠે પણ દેશમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં ઘટાડો નહીં

**બ્રેન્ટ** ક્રૂડનો ભાવ ઘટીને બેરલ દીઠ ૭૩ ડોલર જેટલો થઇ ગયો, યુએસ ક્રૂડ તો ઘટીને ૭૦ ડોલરની નીચે જતું રહ્યું

**સરકારી** માલિકીની ઓઇલ કંપનીઓ પેટ્રોલ પર નફો કરવા માંડી, જો કે ડીઝલમાં હજી થોડી ખોટ જાય છે

**આંતરરાષ્ટ્રીય** ભાવ લાંબા સમય સુધી નીચા જળવાઇ રહે તો જ ઘરઆંગણે ભાવ ઘટાડાશે તેવો સંકેત

નવી દિલ્હી, તા. ૨૫(PTI): ઈરાન સંઘર્ષ ફાટી નીકળ્યો તે પહેલાંના સૌથી નીચલા સ્તરે ગુરુવારે વૈશ્વિક તેલના ભાવ ગગડી ગયા છે, જેનાથી ફુગાવાના જોખમો ઓછા થતાં, આયાત બિલ ઘટતાં અને સરકારની નાણાકીય સ્થિતિ મજબૂત થતાં વિશ્વના ત્રીજા સૌથી મોટા ક્રૂડ આયાતકાર દેશ ભારત માટે તે એક મોટો આર્થિક સધિયારો સાબિત થશે.

આંતરરાષ્ટ્રીય બેન્ચમાર્ક ગણાતું બ્રેન્ટ ક્રૂડ ઘટીને બેરલ દીઠ આશરે ૭૨-૭૩ ડોલર પર આવી ગયું છે, જ્યારે યુએસ ક્રૂડ પ્રતિ બેરલ ૭૦ ડોલરની નીચે સરકી ગયું છે. આ સાથે જ ભૂરાજકીય જોખમોને કારણે અગાઉ કિંમતો વધીને બેરલ દીઠ ૧૨૦ ડોલર સુધી પહોંચી ગઈ હતી, તે વધારો હવે સંપૂર્ણપણે ધોવાઈ ગયો છે.


SGCCI SGCTIDC
ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી
5th EDITION
GLOBAL FABRIC EXPO 2026
THE COMPLETE FABRIC SHOW
26 27 28 JUNE 2026
(Formerly Known as WeaveKniTT)
TIME: 10:00 AM TO 7:00 PM
World of Fabrics & Textiles
ફેબ્રિક્સ, ફેશન અને ટેક્સટાઈલ બિઝનેસનું ભારતનું અગ્રણી B2B હબ
200+ EXHIBITORS
25000+ B2B VISITORS
સ્થળ : સુરત ઈન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર, ચેમ્બર ઓફ કોમર્સ રોડ, સરસાણા, સુરત.
ફ્રી રજીસ્ટ્રેશન
વધુ માહીતી માટે સંપર્ક 72111 73112
POWERED BY SHREE SILK SURIRAJ SILK, ADITYA BIRLA CELLULOSIC FIBRES, Birla Cellulose
GOLD SPONSORS Belcon BELCON TEX PVT. LTD., Nirmal
ANNUAL EVENT PARTNERS SFA SINGHI FINANCIAL ADVISORS, Luthra Group, SOLEX ENERGY, Jainam, Liberty's, SIGNATURE, JBGO, SARJAN, SHAH PUBLICITY, D. KHUSHALBHAI JEWELLERS, steam house, ajmera, TORIN, Laxmipati, 3 STAR, SHADE & LIGHT, SOHAGIA, anthems, BHATHWARI


